R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 20•ISSUE: 33 DATE: 13-08-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## કાશ્મીરના મુદ્દે સંસદમાં ચર્ચા દરમિયાન વિપક્ષોએ સરકારની ઝાટકણી કાઢી : ગૃહનું મહત્વ ન સમજતા હો તો સંસદ બંધ કરી દેવા વિપક્ષોએ કહ્યુ

છેલ્લા એકાદ મહિનાથી કાશ્મીરમાં અજંપાભરી સ્થિતિ ચાલી રહી છે.કાશ્મીરમાં હિંસાનો દોર ચાલી રહ્યો છે.ત્યારે સરકારના પેટનું પાણી હાલતું નથી. રાજ્યસભામાં કાશ્મીરની હિંસા બાબતે વિપક્ષી નેતા ગુલામ નબી આઝાદે તેમના આક્રમક તેવરમાં વડાપ્રધાનને કાશ્મીરના મુદ્દે ઝાટક્યા હતા.તેમણે કહ્યુ હતું કે ભડકે બળી રહેલા કાશ્મીરમાં લોકોની વેદનાને વાચા આપતાં તેમણે કહ્યુ હતું કે પીએમ મોદી એમપીમાં જઈને કાશ્મીરના મુદ્દે બોલે છે.પરંતુ સંસદની ચર્ચામાં તેમણે ભાગ લેવો નથી કે નિવેદન આપવું નથી.જો કેન્દ્ર સરકાર ગૃહનું મહત્વ સમજતી ના હોય તો તેણે સંસદ બંધ કરી દેવી જોઈએ. જ્યારથી રાજ્યમાં ભાજપના પગ પડ્યા છે ત્યારથી ત્યાં હૈયાહોળી સર્જાઈ છે.સરકારે કાશ્મીરને માત્ર તેની સુંદરતાને નહીં પણ ત્યાંના લોકોને પ્રેમ કરવો જોઈએ.

જે બાળકો અને યુવાનોએ ત્યાં વિરોધ પ્રદર્શનમાં આંખો ગુમાવી છે તેની તરફ સરકારે સંવેદનશીલ બનીને જોવું જોઈએ. દલિતો અને કાશ્મીરના મુદ્દે મોદી સંસદમાં કશું બોલ્યા કેમ નથી ? જ્યારે મણીશંકર ઐયરે કહ્યુ હતું કે સરકાર પાકિસ્તાન સાથે વાત કરવા માંગે છે પણ કાશ્મીરના લોકો સાથે વાત કરવા તૈયાર નથી. કેન્દ્ર ત્યાંના અસંતુષ્ટો સાથે વાત નહીં કરે તો શુ ગૌરક્ષકો સાથે વાત કરશે ?

જ્યારે જેડીયુના અધ્યક્ષ શરદ યાદવે કહ્યુ હતું કે સરકાર કાશ્મીરના મુદ્દે વધારે સંવેદનશીલ બને તે જરુરી છે.કાશ્મીરીઓને દેશની મુખ્ય ધારામાં જોડવાની જરુર છે.

જ્યારે ગૃહમંત્રીએ કાશ્મીરના મુદ્દે રાજસભામાં કહ્યુ હતું કે હવે પાકિસ્તાન સાથે ફક્ત પીઓકે પાછુ મેળવવાના મુદ્દે જ વાત કરાશે. કાશ્મીરમાં જે થઈ રહ્યુ છે તે પાકિસ્તાન દ્વારા કરાતી એક ખંધી ચાલ છે.સરકારે આ બાબતે ઓલપાર્ટી મીટીંગ બોલાવી છે.જેમાં વડાપ્રધાન હાજર રહેશે તેવો આશાવાદ ગૃહમંત્રીએ કર્યો હતો.

જે કામ થઈના શકે તેવું હોય તે બાબતે સરકારના કેટલાક નેતાઓ જોરથી હાકલા પડકારા કરતા હોય છે.રાજનાથસિંહ કેટલાક લોકોની લાગણી જીતવા માટે પીઓકેની વાત કરે છે પરંતુ તે એટલી શક્ય નથી.

## સપ્ટેમ્બરમાં છુટા થઇ રહેલા રિઝર્વ બેન્કના ગર્વનર રઘુરામ રાજનની વધુ ટર્મ માટેની પોતાની ઇચ્છા હતી



રાજકીય આક્ષેપોથી કંટાળીને રિઝર્વ બેન્કના ગર્વનર તરીકે રાજીનામુ આપીને આગામી સપ્ટે.માસમાં છુટા થનાર રઘુરામ રાજને જણાવ્યુ હતું કે તેમની વધુ ટર્મ માટેની ઈચ્છા હતી.પરંતુ તેમના પર કરવામાં આવેલા શાબ્દિક પ્રહારોને કારણે તેમની લાગણીઓ ઘવાતાં તેમણે પોતાનું પદ છોડવાનો નિર્ણય કર્યો હતો.તેમણે જણાવ્યુ હતું કે તેઓ બેન્કોની બેલેન્સ શીટમાંથી એનપીએ દુર કરવાના પોતાના અધુરા કાર્યને પુર્ણ કરવા થોડો વધુ સમય પદ પર રહેવા ઈચ્છતા હતા. જો કે તેમણે જણાવ્યુ હતું કે તેમને બીજી ટર્મ નહીં સ્વીકારવાનો લેશમાત્ર શોક નથી.રાજને જણાવ્યુ હતું કે બીજી ટર્મ અંગે સરકાર સાથેની મંત્રણામાં વાત નહીં જામતા મે તે નહીં સ્વીકારવાનો નિર્ણય કર્યો હતો.તેમણે વધુમાં જણાવ્યુ હતું કે પુનઃ નિમણુંક અથવા તો સરકારમાં ફરીથી કામ કરવ ા અંગે તેમણે ક્યારેય ચિંતા કરી નથી. મે દેશના હિતમાં મારી ક્ષમતા પ્રમાણે સર્વોત્તમ કામગીરી બજાવી છે જેનો મને આનંદ છે.

યુની.માં કામ કરવાના મારા અનુભવને કારણે હું થોડો જાડી ચામડીનો હોવા છતાં તે વખતે થતી ટીકાઓ આટલી નિમ્નસ્તરની નહોતી. મારા કાર્યકાળ દરમિયાન થયેલા શાબ્દિક હુમલા તિરસ્કારથી ભરેલા,ઈરાદાપુર્વકના અને અતાર્કિક હતા. અલબત્ત તેમણે કહ્યુ કે હું આવી બધી બાબતોને ગણકારતો નથી.

રાજનની એનપીએની કડક ઝુંબેશને કારણે દેશમાં સરકારી તિજોરીઓમાંથી નાણાં હડપ કરી ગયેલા અને અમીર બની ગયેલા માફીયાઓ ગભરાઈ ગયા હતા.બેન્કોની અબજો રુપીયાની લોનો માંડવાડ કરવાની રાજનની તૈયારી નહોતી. તેથી આવા વર્ગોએ કેટલાક રાજકારણીઓ દ્વારા નિમ્ન સ્તરની આક્ષેપ બાજી તેમની વિરુધ્ધ ચાલુ કરીને તેમને લાગણીશીલ બનાવીને રાજીનામું પડાવી લીધુ.અને દેશના આર્થિક ચોરોએ જીત મેળવી

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ૧૫મી ઓગષ્ટથી ૧૨ સ્ટેટ હાઇવે ઉપર કાર,જીપ,રિક્ષાને ટોલટેક્ષ માફી

રાજ્ય સરકારે પોતાની હસ્તક એવા ૧૨ ધોરી માર્ગો ઉપર નાના ખાનગી વાહનો તથા એસ.ટી.બસો પાસેથી વસુલાતો ટોલટેક્સ આખરે સંપુર્ણ રીતે માફ કરવાનો નિર્ણય કર્યો હતો.નવી સરકારની આ નિર્ણયની જાહેરાત કરતાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યુ હતું કે ૧૫મી ઓગષ્ટથી ટોલટેક્સ મુક્તિ લાગુ પડશે.નેશનલ હાઈવે પરના ટોલટેક્સ લાગુ રહેશે.આ અંગેની જાહેરાત મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કરી હતી જેને નવી સરકારે સ્વીકારી હતી.ટોલટેક્સ નાબુદી અંગે નવા મુખ્યમંત્રીએ અસમર્થતા જાહેર કરી હતી.પરંતુ ત્યાર બાદ નેશનલ હાઈવેને બાકાત રાખીને અન્ય ધોરી માર્ગ માટે ટોલમુક્તિ સ્વીકારી હતી.

## ભાજપે કોગ્રેસ મુક્ત ભારત કરવાનું ફરીથી બોલેલું ફેરવી નાંખ્યુ

લોકસભાની ચુંટણી વખતથી ભારતીય જનતા પાર્ટીના મોટા ગજાના નેતાઓ ભારતને કોંગ્રેસ મુક્ત કરવાની મોટી મોટી વાતો કરતા હતા. હવે ભાજપે તેમાંથી યુ ટર્ન લીધો છે.ભાજપના નેતા વૈકૈયા નાયડુએ કહ્યુ હતું કે ભાજપે ક્યારેય કોગ્રેસ મુક્ત ભારતની ઈચ્છા રાખી જ નથી.અમે તો કોગ્રેસને મજબુત વિપક્ષ તરીકે ઝંખી રહ્યા છીએ. ઉત્તરાખંડ અને અરુણાચલ પ્રદેશના વિકાસ અંગે ચાલી રહેલી ચર્ચા દરમિયાન તેમણે આવું નિવેદન આપ્યુ હતું.

જીએસટી બિલના સુધારાને માન્યતા મળી તેની અસર હોય તેમ ચર્ચાઈ રહ્યુ હતું.આ ચર્ચા દરમિયાન નાયડુએ આક્ષેપ કર્યો હતો કે કોગ્રેસ જ્યારે સત્તામાં હતુ ત્યારે તેણે વિવિધ રાજ્યોમાં રાષ્ટ્રપતિશાસન લાવવાની પેરવી કરવા માટે આર્ટીકલ ૩૫૬નો ઉપયોગ કર્યો હતો.પરંતુ તે દુરપયોગ હતો. માત્ર કોર્ટે તરફથી તો ભાજપાને જ ગુનેગાર ઠરાવાયા તેનો તેમને રંજ હતો.જો ભાજપ તરફથી કરાયેલા અનેક દાવાઓ અને ઉચ્ચારણો બાબતે ઘણી વખત પીછેહઠ કરવામાં આવી છે.અથવા તો તેમણે કરેલી ભુલો કોગ્રેસની ભુલો હતી તરીકે છાવરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.ભાજપની આફતને અવસરમા બદલવાની શૈલીને કારણે શરુઆતમાં તેઓ હાવી હોવાનું જણાય છે પરંતુ પાછળથી તેમના પ્રયત્નોને કારણે અને ખોટા ઉત્સાહને કારણે પ્રજામાં ખોટો સંદેશો પહોચે છે.લોકસભાની ચુંટણીઓ વખતે ભાજપની જે લોકચાહનાનો ગ્રાફ ઉંચો હતો તે તેજ ગતિએ નીચેની તરફ સરકી રહ્યો છે.મોંઘવારીના મામલે કરેલા ઉચ્ચારણો સામે પ્રજા આજે બળાપો કાઢી રહી છે.મોઘવારી ઘટવાને બદલે તુટકે અને ભુસકે ખુબજ ઝડપથી વધી રહી છે. મધ્યમ અને ગરીબ વર્ગ મોંઘવારીના ચકકરમાં પીસાઈ રહ્યો છે

## ચેરીટેબલ ટ્રસ્ટના નોંધણી ફોર્મમાં ફેરફાર, પાનકાર્ડ ફરજીયાત કરાયું

સીબીડીટીએ ચેરીટેબલ ટ્રસ્ટોના આવકવેરાના નોંધણી માટેના ફોર્મ ૧૦એમાં ફેરફાર કર્યો છે.હવેથી દરેક ટ્રસ્ટોના ટ્રસ્ટીઓએ પાનકાર્ડ નંબર લખવો ફરજીયાત કરાયો છે.

દરેક ટ્રસ્ટોએ આવકવેરાની માફી મેળવવા માટે આવકવેરા કમિશ્નર સમક્ષ ફોર્મ ૧૦એમાં અરજી કરવી પડે છે.આ ફોર્મ ૧૦એમાં ટ્રસ્ટના ફાઉન્ડરના નામ, સરનામા અત્યાર સુધી માંગવામાં આવતા હતા.તેમજ તમામ ટ્રસ્ટ્રીઓના નામ અને સરનામા આપવામાં આવતાં હતા. સીબીડીટીએ કરેલા નવા ફેરફાર મુજબ આ ફોર્મ ૧૦એમાં ફાઉન્ડર ટ્રસ્ટીઓના નામ અને સરનામાની સાથે પાનકાર્ડ લખવો પડશે.ઉપરાંત તમામ ટ્રસ્ટીઓના નામ સરનામાની સાથે પાનકાર્ડ ફરજીયાત કરી દેવાયો છે.

બજેટ ૨૦૧૬માં ટ્રસ્ટના કાયદામાં કરવામાં આવેલા બીજા ફેરફાર મુજબ હવે જ્યારે કોઈ ટ્રસ્ટનું વિસર્જન કરવામાં આવે કે બીજા ટ્રસ્ટમાં રૂપાંતર કરવામાં આવે ત્યારે ટ્રસ્ટે કર ભર્યા વગરની એકત્ર કરેલી મિલ્કત ઉપર મહત્તમ દરે આવકવેરો ભરવાની જવાબદારી નાંખવામાં આવી છે.અને જો ટ્રસ્ટ ટેક્ષ ન ભરે તો ટ્રસ્ટીઓને જવાબદાર ઠેરવવામાં આવે છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ગૌમાતાના નામે દંભ કરવો એની કોઇ સીમા નથી.એક સમાજ જે ગાયોને પાળવાનો કહેવાતો ધંધો કરે છે તે રસ્તાઓ પર આ રખડતી ગૌમાતાઓને શહેરમાં માત્ર દુધ દોહવા માટે ઘેર લઇ જાય છે.ત્યાર પછી પ્લાસ્ટીકની થેલીઓ આરોગવા રસ્તા પર છોડી મુકે છે.તે પછી રસ્તાઓ ઉપર બેસીને ટ્રાફિકમાં અડચણ ઉભી કરે કે લોકોની સાથે અથડાય કે અકસ્માત કરે

કેટલીક જગ્યાઓ પર આ ગૌમાતાના માલિકો અને ઘાસચારો વેચતા લોકોનું ગઠબંધન જોવા મળે છે. ઘાસચારો વેચતા લોકો મંદિરોની નજીકમાં ખુલ્લી જગ્યાઓમાં ઘાસ રાખીને ઉભા રહે છે. જ્યાં કેટલાક ઉચ્ચ વર્ણના લોકો જેને ગૌમાતાને ઘાસ કરીને દાન મેળવવાની કે પોતાનું ભલુ કરવાની લ્હાય હોય છે તેવો ઘાસ વેચાતુ લઇને ગાયને ખાવા આપી ગૌમાતાનો સ્પર્શ કરીને પોતાને ધન્ય માને છે. આવી જગ્યાઓ પર ગૌમાતાના માલિકો પોતાની ગાયો ઉભી રાખી દે છે તેથી તેમને તે ગાયોને ચારો ખવડાવવાની કે ઘાસ વેચાતુ લાવવાની ઝંઝટ કરવી પડતી નથી.ઘાસ વેચાનારો કમાય, દાન કરનારો પુણ્ય કમાય અને ગાયનો માલિક મફતમાં દુધ કાઢીને વેચીને કમાય.ગૌમાતા કેટલા જણની વ્યવસ્થા પુરી કરે છે.છતાંય મોટાભાગની દુધ નહી આપતી ગાયોને રોડ પરથી પ્લાસ્ટીક કે એઠવાડ ખાઇને જીવન ગુજારવાનો વારો આવે છે.

કેટલાક પ્રશાસનો રસ્તે રઝળતી ગાયોને પાંજરાપોળમાં ટ્રક ભરીને છોડી આવવા માટે મોટુ બજેટ પસાર કરે છે.અને તેમાંથી પણ કેટલાક હિંદુ અધિકારીઓ મોટી લાંચની રકમ પડાવે છે.આ ઉપરાંત જો ઢોરવાડાંમાં રસ્તે રખડતી પકડાયેલી ગાયો પૈકી કોઇનું મરણ થાય તો તેની ઉપર વીમો પણ પકાવવામાં આવે છે. થોડાક વર્ષો પહેલા આવો એક કિસ્સો અમદાવાદમાં બનેલો જેનો દૈનિક પેપરોમાં પર્દાફાશ થયેલો.જો ગૌમાતા માટે તમારુ લોહી ઉકળતું હોય તો સહુ પ્રથમ જીવતી ગાયો રિબાઇને ના મરે માટે રસ્તા પર પડેલી પ્લાસ્ટીકની થેલીઓ ભેગી કરીને તેને યોગ્ય જગ્યાએ પધરાવો જેને સાચી ગૌસેવા કરી ગણાશે.પ્લાસ્ટીકની થેલીઓમાં ભરેલો એઠવાડ ખાવાને કારણે રખડતી ગાયો રિબાઇને મરે છે.

ગાયોના નામે તાજેતરમાં રાજસ્થાનના મુખ્યમંત્રીએ કહેલુ કે ગૌમાતા નામે જમીનો હડપ કરી તેના પર ગૌશાળાઓ ઉભી કરવા માટે જમીનો પડાવી લેવી.સરકારમાં આ બાબતે દબાણ ઉભા કરવા વિગેરે ભુમાફિયાઓ દ્વારા રીતરસમો અપનાવાય છે.જો કે આ બધા ખેલમાં તો રાજકારણમાં ચરી જનારા અને લાભ લેનારાઓનો મોટો વર્ગ છે.મત મેળવવા માટે રાજકારણીઓ અનેક પ્રકારના ખેલ ખેલીને સત્તા પર બેસે છે. પછી તેનાથી થતું નુકશાન તેઓ રોકી શકતા નથી.મંદિર અને ગાય માતાના બે મુદ્દાઓ પર રાજકારણ રમનારા હવે ચુપ છે.કારણકે તેમનો સ્વાર્થ પતી ગયો છે.તેમણે ભરપુર રીતે મતદારોને છેતરી લીધા છે.જેનો ઉપયોગ કરાયો તેની સાથે સંકળાયેલા લોકોને લાભ મળવો જોઇએ અને તેના તરફ આંખ આડા કાન કરવા તે જાડી ચામડીના રાજકારણીઓ માટે રમતની વાત છે.જાહેરમાં આ બાબતની ટીકાઓ કરવી હોકાટા પાડવા નવી બાબત નથી.વડાપ્રધાને ગૌરક્ષકોનું ગુંડા કહ્યા પરંતુ તેઓજ ચુંટણીઓમાં તેમના વફાદાર કાર્યકરો હતા.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## સરકારે ઇરાદાપુર્વકની કરાતી ટીકાઓ સામે રિઝર્વ બેન્કની સ્વાયત્તાનું રક્ષણ કરવું જોઇએ : આરબીઆઇ ગર્વનર રાજન



રિઝર્વબેંકના ગર્વનર રઘુરામ રાજને વ્યાજદર પર તેમના પર ટીકાઓનો વરસાદ વરસાવનારાને વળતો જવાબ આપતાં કહ્યુ હતું કે સરકારે આવી ઇરાદાપુર્વકની ટીકાઓને બાજુ પર રાખીને રિઝર્વ બેંકની સ્વાયત્તતાનું રક્ષણ કરવું જોઇએ.રાજને કહ્યુ હતું કે તેમને આશ્ચર્ય થાય છે કે આટલી મોઘવારી છતાં બહુ ઉહાપોહ થતો નથી.રાજને ક્રુડના આંતરરાષ્ટ્રીય ભાવમાં ઘટાડા છતાં તેનો લાભ લોકોને આપવામાં આવ્યો નથી.જે લોકો ઉંચા વ્યાજદરની આરબીઆઇની નીતીની ટીકા કરી રહ્યા છે તેજ લોકો જ્યારે ભારતને વિશ્વમાં સૌથી ઝડપી વૃધ્ધિ કરતું અર્થતંત્ર દર્શાવાયા છે ત્યારે આ નીતિની પ્રશંસા કરવા લાગે છે.સેન્ટ્રલ બેન્કની ટીકા માત્ર ભારતમાં થાય છે તેવું નથી, યુકે અને યુએસમાં પણ થાય છે. આવી માહીતી વગરની અને ચોક્કસ હેતુથી પ્રેરિત જાહેર ટીકાને બાજુ પર રાખીને સરકારોએ સેન્ટ્રલ બેન્કની સ્વતંત્રતાનું રક્ષણ કરવાનું છે અને તે મુજબ પગલાં ભરવા જોઇએ.સ્થિર અને સાતત્યપુર્ણ વૃધ્ધિ માટે તે જરુરી છે.

૧૦મી સ્ટેટીસ્ટીક્સ ડે કોન્ફરન્સને સંબોધન કરતાં રાજને કહ્યુ હતું કે ફુગાવો વધારે હોય તો તેની ઘાતક અસર નબળા વર્ગ પર પડે છે.તેમને આશ્ચર્ય થયું કે આટલી મોઘવારી છે છતાં બહુ ઉહાપોહ થતો નથી.તેમણે કહ્યુ હતું કે કોઇપણ રાજકીય બાબતોમાં પડ્યા વગર ફુગાવો વધી રહ્યો હોય ત્યારે નાણાંકીય સંસ્થાઓએ મેક્રોઇકોનોમિક્સ સ્થિરતા જાળવવી જરુરી બને છે.આથી જ ગમે તે સરકાર આવી તેણે આરબીઆઇને સ્વતંત્રતા આપી છે.

આરબીઆઇની નીતિને કારણે નહી પરંતુ આપણા સારા નસીબને કારણે ક્રુડ ઓઇલના ભાવ ઘટવાથી ફુગાવાનો દર નીચો આવ્યો હોવાની વાતને પણ રાજને નકારી કાઢી હતી. તેમણે કહ્યુ હતું કે ક્રુડમાં જે ઘટાડો વૈશ્વિક સ્તરે થયો છે તેનો લાભ સ્થાનિક સ્તર પર સરકારે આપ્યો નથી.કારણકે સરકારે તો પેટ્રોલ અને ડીઝલ પર એકસાઇઝ વધારી દીધી છે.ભારતીય ક્રુડ બાસ્કેટ ઓગષ્ટ-૨૦૧૪ થી જાન્યુઆરી -૨૦૧૬ દરમિયાન ૭૨ ટકા ગગડ્યું હતું.પરંતુ પેટ્રોલના રિટેલ ભાવ માત્ર ૧૭ ટકા જ ઘટ્યા હતા.

સપ્ટે.માં નિવૃત થઇ રહેલા રાજને તેમના કાર્યકાળમાં નાણાંકીય નીતિ વધુ પડતી આકરી બનાવીને વ્યાજદર ન ઘટાડયા તેવી ટીકાને તેમણે ફગાવી દીધી હતી. અને કહ્યુ હતું કે જાહેર ક્ષેત્રની બેન્કોએ ભુતકાળમાં જે આડેધડ ધિરાણ કરવાની ભુલ કરી તેને કારણે ધિરાણવૃધ્ધિ ધીમી પડી.તેમણે કહ્યુ કેટલીક પીએસયુ બેન્કના સીઇઓ જે નજીકના ગાળામાં નિવૃત્ત થવાના છે તે એનપીએ અંગે આકરા નિર્ણય લેવા નથી માંગતા અને તેમના અનુગામીને આ સમસ્યા વારસામાં આપવાની નીતિ અપનાવી રહ્યા છે.

## અમેરિકાની રિપબ્લીકન પાર્ટીએ ભારતના ધાર્મિક હિંસા અને ભેદભાવથી ધાર્મિક સમુદાયોને બચાવવાનો મુદ્દો ચુંટણી મેનીફીસ્ટમાં મુક્યો

અમેરીકાના ઓહિયો ખાતે ક્લીવલેન્ડમાં રિપબ્લીકન પાર્ટી દ્વારા પોતાના ચુંટણી મેનિફીસ્ટોની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત દરમિયાન રિપબ્લીકન પાર્ટીએ ભારતને અમેરિકાનો જીયો પોલીટીકલ સાથી ગણાવ્યો હતો.ભારતને મહત્વનો સાથી ગણાવવા ઉપરાંત રિપબ્લીકન પાર્ટીએ જણાવ્યુ હતું કે ભારતે પોતાના દેશમાં તમામ ધાર્મિક સમુદાયોને હિંસા અને ભેદભાવથી બચાવવા જોઇએ.અમેરિકામાં હાલમાં રાષ્ટ્રપ્રમુખપદ માટે ડેમોક્રેટિક અને રિપબ્લીકન પાર્ટી વચ્ચે કટ્ટર હરિફાઇ ચાલી રહી છે.રિપબ્લીકન પાર્ટીએ સ્થિતિનો લાભ લેવા માટે ૫૮ પાનાનો મેનિફિસ્ટો જાહેર કર્યો છે.

## કાશ્મીરનો કેસ કોઇપણ રાજ્યમાં ટ્રાન્સફર થઇ શકશે : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બનેલી ખંડપીઠે જમ્મુ-કાશ્મીર સબંધિત એક મહત્વનો ચુકાદો સંભળાવ્યો છે. ખંડપીઠે ચુકાદો આપ્યો છે કે જમ્મુ-કાશ્મીરમાં ચાલી રહેલા કેસ દેશના અન્ય રાજ્યોમાં ટ્રાન્સફર થઇ શકે છે.ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં ત્યાં આ પ્રકારની જોગવાઇ નહોતી. પાંચ જજની ખંડપીઠે પોતાના ચુકાદામાં જણાવ્યું કે બંધારણની કલમ ૨૧નું કહેવું છે તે તમામને ન્યાય મેળવવાનો અધિકાર છે. જો કોઇ વ્યક્તિ અન્ય રાજ્યમાં યાત્રા કરવામાં અસમર્થ હોય તો તેઓ એક રીતે ન્યાય મેળવવવામાં વંચિત છે.

જજે નિર્દેશ આપ્યો છે કે આ સ્થિતિમાં સુપ્રીમ કોર્ટને કલમ ૧૩૬ અંતર્ગત અધિકાર છે કે તે તમામને ન્યાય અપાવે. સીઆરપીસીની કલમ ૨૫ની હવાલો આપતાં ખંડપીઠે જણાવ્યુ કે આ કલમ મુજબ, દેશના કોઇપણ રાજ્યમાંથી કોઇ કેસ અન્ય રાજ્યમાં ટ્રાન્સફર થઇ શકે છે.પરંતુ જમ્મુ-કાશ્મીરમાં રણબીર પીનલ કોડ આરપીએસમાં આ જોગવાઇ નથી.માટે પહેલાં ત્યાંથી કોઇ કેસ અન્ય રાજ્યોમાં ટ્રાન્સફર થઇ શકતા નહોતા. આ સબંધે સુપ્રીમ કોર્ટમાં એક અરજી કરવામાં આવી હતી જેની પર સુનાવણી કરતાં કોર્ટે આ ચુકાદો આપ્યો છે. સુપ્રીમકોર્ટના આ ચુકાદા બાદ જમ્મુ-કાશ્મીરમાંથી કોઇપણ કેસ દેશના કોઇપણ રાજ્યમાં ટ્રાન્સફર થઇ શકશે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# સફાઇ કર્મચારી આંદોલનના રાષ્ટ્રીય સંયોજક વિલ્સનને મેગસાયસાય પુરસ્કાર

ભારતમાં મેલુ ઉઠાવવાની પ્રથા વિશે અત્યંત પ્રભાવશાળી કામ કરનારા કર્ણાટકમાં જન્મેલા બેઝવાડા વિલ્સન અને ચેન્નાઇના ગાયક ટી.એમ.ક્રીશ્નાને વર્ષ ૨૦૧૬નો પ્રતિષ્ઠિત મેગસાયસાય પુરસ્કાર એનાયત થશે.બે ભારતીયો સાથે આ પુરસ્કાર માટે અન્ય ચાર વ્યક્તિને પણ પસંદ કરવામાં આવ્યા છે.જેમાં ફિલિપાઇન્સના કોચિન્તા કાર્પિયો મોરેલ્સ,ઇન્ડોનેશીયાના ડોપેટ ડુઆફા,જાપાનના ઓવરસીઝ કોર્પોરેશન વોલેન્ટીયર અને લાઓસના વિયેતિયન રેસક્યુનો સમાવેશ થાય છે.

સફાઇ કર્મચારી આંદોલન : એસકેએના રાષ્ટ્રીય સંયોજક વિલ્સનને માનવીય ગરિમા સાથે જીવન જીવવાના અધિકારની દ્રઢતાપુર્વક વાત કરવા માટે આ પુરસ્કાર આપવામાં આવી રહ્યો છે.

જ્યારે કૃષ્ણાને સંસ્કૃતિમાં સામાજિક સમાવેશિતા લાવવા માટે ઉભરતી નેતાગીરીની શ્રેણીના આ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે.ભારતમાં મેલુ ઉંચકવાની પ્રથા માનવતા પર કલંક સમાન છે.

પુરસ્કાર માટે પસંદ થયેલા અન્ય ભારતીય ૪૦ વર્ષીય કૃષ્ણાનું સંગીત ભારતીયોના જીવનમાં પરિવર્તનકારી હોવાનું કહેવાયું છે.ચેન્નાઇના બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા કૃષ્ણાએ કર્ણાટકી સંગીતને એક શિખર પર બેસાડ્યુ છે.તેમણે સંગીતના આધારે સામાજિક ભેદભાવ સામે સવાલો કર્યા છે.

સફાઇ કામદારો માટે મેલુ ઉપાડવાની પ્રથા સામે સરકારે અનેક નિયમો બનાવ્યા છે પરંતુ પ્રથા રોકવા માટેની સામાજીક ક્રાંતિ આવે તેવી વ્યવસ્થા ઉભી કરી નથી.પરિણામે પ્રથા હજુ પણ કેટલીક જગ્યાઓએ દેખાઇ રહી છે.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**
**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**

Tour Date 18 May '16,Sept.16 November,2016

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *


# આર્થિક અનામતનો ગુજરાત સરકારનો વટહુકમ હાઇકોર્ટે રદ કર્યો : સુપ્રીમ કોર્ટે નક્કી કરેલો રેશીયો તમામને બંધનકર્તા રહેશે-અનામત માટે આર્થિક ધોરણ એ સ્વીકૃત માપદંડ હોઇ શકે નહી

પાટીદાર અનામત આંદોલનને કારણે રાજ્ય સરકારે સવર્ણોને આર્થિક માપદંડ(વાર્ષિક આવક ૬ લાખ રુપીયા)ને આધારે ૧૦ટકા અનામત આપવા બહાર પાડેલા વટહુકમને હાઈકોર્ટે ગેરબંધારણીય ઠેરવી રદ કર્યો હતો.તેની સાથે એવું અવલોકન કર્યુ હતું કે આ વટહુકમથી બંધારણમાં અરજદારોને મળેલા મુળભુત અધિકારોનો ભંગ થઈ રહ્યો છે.વટહુકમ દ્વારા અનામત માટે નક્કી થયેલી બંધારણીય જોગવાઈ અનુસારની ૫૦ ટકાની મર્યાદા ઉપરવટ જઈ શકાય નહીં.રાજ્ય સરકાર પાસે બિનઅનામત વર્ગના આર્થિક નબળા વર્ગ(ઈબીસી)માટે અનામતની જોગવાઈની બંધારણીય સત્તા નથી.

સરકાર તરફથી કોર્ટમાં દલીલ કરવામાં આવી હતી કે સમાજના બિનઅનામત વર્ગના નબળા વર્ગોને વાજબી તકો ઉપલબ્ધ કરાવવા માટેનું વર્ગીકરણ છે. વટહુકમમાં અનામત શબ્દનો ઉપયોગ કરવા માત્રથી અનામત તરીકે તેને ગણી શકાય નહી.સરકારની આ દલીલને કોર્ટે અયોગ્ય ઠેરવી હતી.અને કહ્યુ હતું કે આ જોગવાઈ માત્ર વર્ગીકરણ તરીકે ગણી શકાય નહી તે અનામતની જોગવાઈ છે.

હાઈકોર્ટે પોતાના અવલોકનમાં જણાવ્યુ હતું કે સરકારી નોકરીઓ,શૈક્ષણિક સંસ્થાઓમાં આર્થિક નબળા વર્ગોને ૧૦ ટકા બેઠકોની ફાળવણી એ વર્ગીકરણ નથી. પણ અનામતની જોગવાઈ છે.

૫૦ અનામતની મર્યાદા સુપ્રીમ કોર્ટે મુકી ત્યારે દેશમાં સામાજિક અને શૈક્ષણિક વર્ગમાં કુલ ૩૭૪૩ જાતિ હતી.પરંતુ તે ચુકાદાને ૩૬ વર્ષ થઈ ગયા છે અને આજે દેશને પછાતવર્ગ માટે નવી પધ્ધતિ અપનાવવાની જરુર છે.જ કે અરજદારે સરકારની દલીલ સામે કહ્યુ હતું કે બંધારણમાં સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ નક્કી કરવા માટે આર્થિક ધોરણને અમાન્ય ઠેરવ્યું છે.

સરકાર તરફથી દલીલ કરવામાં આવી હતી કે બધારણના પરિશિષ્ટ ૧૫ અને ૧૬માં નિષ્ણાતોના અભિપ્રાય કે મુલ્યાંકનની જરૂરીયાત નથી તેથી ૧૦ ટકા અનામતના નિર્ણય પહેલાં ડેટા મેળવવો ફરજીયાત નથી બનતો. સામાજિક કે અન્ય અસરો અંગે કોઈ મતો મેળવ્યા નથી.પરંતુ સરકારની આ દલીલ સામે અરજદારે દલીલ કરતાં કહ્યુ હતું કે સરકારે કોઈપણ પ્રકારનું સર્વેક્ષણ કર્યા વગર નિર્ણય લીધો છે.

હાઈકોર્ટે વટહુકમને પાંચ મુદ્દાને આધારે રદ કર્યો હતો.હાઈકોર્ટના અવલોકનમાં જણાવાયુ હતું કે સુપ્રીમ કોર્ટે નક્કી કરેલો રેશિયો તમામને બંધનકર્તા રહે છે. અનામત માટે આર્થિક ધોરણ એ સ્વીકૃત માપદંડ હોઈ શકે નહી.વૈજ્ઞાનિક સંશોધન કે ટેકનીકલ કારણોને ધ્યાને લેવાને બદલે હાઈપાવર કમિટીની ભલામણોને આધારે કાયદો ઘડવો ગેરબંધારણીય છે.બંધારણમાં અનામત મામલે કોઈ ખાસ સુધારો કે જોગવા બદલવામાં ન આવી હોય ત્યાં સુધી સુપ્રીમ કોર્ટે નક્કી કરેલા માપદંડોનું ઉલ્લંઘન કરી શકાય નહી.કુલ અનામત ૫૦ ટકાથી વધુ આપી શકાય નહી.સુપ્રીમ કોર્ટે નક્કી કરેલો અનામતનો રેશિયો બંધનકર્તા છે.સરકારી નોકરીઓ,શૈક્ષણિક સંસ્થાઓમાં આર્થિક નબળા વર્ગોને ૧૦ ટકા બેઠકોની ફાળવણી એ વર્ગીકરણ નથી પણ અનામતની જોગવાઈ છે.મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના અન્વયે બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને આર્થિક સહાયની અસરોની ચકાસણી પહેલાં જ જોગવાઈ કેમ ? હાઈકોર્ટે બંધારણના મુળભુત અધિકારોનો ભંગ થઈ રહ્યો છે તેથી વટહુકમને રદ કરવાનો આદેશ આપ્યો હતો.આમ સરકારે પાટીદારોને મનાવવા માટે ખેલેલું રાજકારણ આખરે ભાંગી પડ્યું છે.

# કર્ણાટકના પુર્વ લોકાયુક્ત સામે ભ્રષ્ટાચારના કેસમાં ચાર્જશીટ

કર્ણાટકના પુર્વ લોકાયુક્ત વાય.ભાસ્કર રાવ સામે ભ્રષ્ટાચારના એક કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે.આ કેસમાં તેમના પુત્રની સામે ખંડણી ઉઘરાવવાનો આરોપ પણ છે.રાવ ઉપરાંત આ કેસમાં સાત અન્ય આરોપીઓ પણ છે.તેમની સામે આરોપીઓને બચાવવા સહિતની કલમો પણ દાખલ કરવામાં આવી છે.તેમનો પુત્ર અશ્વિન આ કેસમાં મુખ્ય આરોપી છે.લોકાયુક્તની ઓફિસમાંથી તે ભ્રષ્ટાચાર કરતો હતો.

વાડ ચીભડા ગળે તો ફરિયાદ કોને કરવી. ભ્રષ્ટાચાર અટકાવવા માટે જેની નિમણુંક કરાઈ હોય તેના સંતાનો તેમનીજ ઓફીસમાં બેસીને ભ્રષ્ટાચાર આદરે પછી તપાસ કોની કેમ કરવી તે પણ પ્રશ્ન છે. ખેર કેસમાં ચાર્જશીટ મુકાઇ છે ચુકાદો શું આવે તે જોવાનું રહ્યુ

# ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે નિમાયેલા શ્રીમતી આનંદીબેન પટેલનું પદ પરથી રાજીનામું



ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના અનુગામી તરીકે જેમને ગુજરાતની ગાદી સોપી હતી તેમને મુખ્યમંત્રીપદનો ભાર હળવો કરવાનું કહેવાયું !

ભાજપાની ૭૫ વર્ષની થીયરીને કારણે કે કોઈ અન્ય કારણોસર પણ તેમને વિદાય આપવામાં આવી છે. આનંદીબેન પટેલે જતા જતાં પણ સરકારી કર્મચારીઓને સાતમાં પગાર પંચનો લાભ કરાવી દીધો છે. તેમજ ગુજરાત સરકાર હસ્તકના ધોરી માર્ગો જેમની પર ભારે ટોલ ટેક્સ વસુલ કરવામાં આવે છે તેમાંથી જનતાને મુક્તી આપી છે.તેથી રોજબરોજની અવરજવર કરનારા વેપારીઓ કે અન્યોને માટે ખાસ લાભ મળ્યો છે. જો કે કોર્મશીયલ વાહનોને ટોલ ટેક્સમાં વધારો ભોગવવો પડશે.જો કે આનંદીબેને રાજીનામું આપ્યા બાદ પણ પોતાના કાર્યક્રમો અને કામકાજ નિષ્ઠા પુર્વક ચાલુ રાખ્યા હતા.સરકારી કાર્યક્રમો અને પ્રવાસો પણ તેમના ચાલુ જ રહ્યા હતા.હજુ સુધી કોણ નવા ગુજરાતના સુકાની આવશે તેની ચર્ચાઓ ચાલુ રહી છે. પરંતુ પટેલ હશે કે અન્ય કોઈ તે હજુ સુધી કળાઈ શક્યુ નથી. જો કે કદાચ આ લખાઈ જશે ત્યારબાદ કમલમાં મીટીંગ મળી રહી છે તેમાં મુખ્યમંત્રી તરીકે કોને વરમાળા પહેરાવામાં આવશે તે નક્કી થઈ જશે. જો કે આ બધું તો દિલ્હીથી જ નક્કી થશે.જો કે રુપાણીનું નામ લગભગ નિશ્ચિત થઈ ગયું છે.

# ૧૬ વર્ષો સુધી મણિપુરમાં આફસ્પા કાયદા સામે ઉપવાસ કરીને લડત આપનારી ઇરોમ શર્મિલા હવે ઉપવાસ તોડી ચુંટણી લડશે

મણિપુર રાજ્યમાં આફસ્પા ( આર્મ્ડ ફોર્સીસ સ્પેશીયલ પાવર્સ એકટ)ના વિરોધમાં ૧૬ વર્ષ સુધી ઉપવાસના શસ્ત્ર દ્વારા પોતાનો વિરોધ કરવા બદલ પ્રખ્યાત બનેલી ઈરોમ શર્મિલાએ ઉપવાસ છોડી દેવાનો નિર્ણય જાહેર કર્યો છે.હવે તે અપક્ષ ઉમેદવાર તરીકે ચુંટણી લડશે.એટલું જ નહી પરંતુ તેણીએ લગ્ન કરવાનો પણ વિચાર કર્યો છે.તેના આ નિર્ણયથી તેના પરિવારજનો અને મિત્રોમાં પણ આશ્ચર્ય પેદા થયું હતું.

૪૪ વર્ષીય ઈરોમ સ્થાનિક કોર્ટમાંથી બહાર આવીને મીડીયા સમક્ષ કહ્યુ હતું કે હવે તેને લાગતું નથી કે તેના ઉપવાસ કરવાથી આ કાયદો પાછો ખેચાશે.આથી તે ઉપવાસ તોડશે,પણ લડત ચાલુ રાખશે.શર્મિલાએ નવેમ્બર ૨૦૦૦થી ખોરાક લેવાનું કે કંઈ પણ પ્રવાહી લેવાનું છોડી દીધું હતું. જો કે સરકાર તેની સામે પગલાં લઈને તેને હોસ્પીટલમાં સતત સારવાર આવી રહી છે.ઈમ્ફાલની જવાહરલાલ નહેરુ હોસ્પીટલમાં તેને નાકમાં ટ્યુબ નાંખીને પ્રવાહી આપવામાં આવતું હતું.ઉપવાસના શસ્ત્રથી અંગ્રેજ સરકાર ગભરાઈ ગઈ હતી. ગાંધીજીની અહિંસક લડાઈનું મુખ્ય હથિયાર ઉપવાસ આંદોલન હતું.જો કે ગાંધીજીના ઉપવાસને લઈને ધાર્યા પરિણામો હાંસલ થયા હતા. પરંતુ ઈરોમ શર્મિલાએ ૧૬ વર્ષો સુધી આપણા દેશી રાજકારણીઓ સામે ઉપવાસ આંદોલન કરીને મીલીટરીને સ્પેશ્યલ પાવર આપતો કાયદો કરી આપ્યો પરિણામે અનેક નિર્દોષ લોકોની હત્યા થઈ કે તેઓ તેનો ભોગ બન્યા.આખરે તેને લાગ્યુ છે કે હવે રાજકારણમાં પગ પેસારો કરીને જ આ બાબતે લડાઈ આપી શકાય તેમ છે.જો કે હવે તે આ માધ્યમથી કેટલી સફળ થાય છે તે જોવાનું રહે છે.સરકારની નીતિઓમાં ફેરફાર કરવો એટલો આસાન નથી પરંતુ ના પણ થઈ શકે તેમ પણ નથી.

અહિસક લડત અને ૧૬ વર્ષો સુધી ભુખ હડતાલ કરી અને સરકારના પેટનું પાણી ના હાલ્યુ ખરેખર આ મહિલાને ધન્ય છે.

# કર્ણાટક કોગ્રેસે બજરંગ દળને આતંકી જુથ સાથે સરખામણી કરીને તેના પર પ્રતિબંધની માંગણી કરી

ગૌરક્ષાના નામે તમામ રાજ્યોને એક એડવાઈઝરી જારી કરવાના કેન્દ્ર સરકારના પગલાં વચ્ચે કર્ણાટકમાં કોગ્રેસના કાર્યકારી પ્રમુખ દિનેસ ગંડુરાવે વડાપ્રધાન મોદીને અપીલ કરી છે કે તેમણે કરેલી વાતનો તેઓ અમલ કરે અને બજરંગ દળ પર પ્રતિબંધ મુકી બતાવે.

તેમણે બજરંગ દળનો એક આતંકવાદી સંગઠનની સાથે સરખાવ્યું હતું.અને કહ્યુ હતું કે તેઓ ગૌરક્ષાના નામે લોકોમાં ડર ઉભો કરવા માંગે છે. તેણે ભેસના માંસ અને બીફનો કાયદેસરનો વેપાર હાથ ધરવા મામલે લોકોમાં ડર અને અસલામતીનું વાતાવરણ જન્માવી દીધું છે. તમે તેને આતંકવાદીઓ કહી શકો છો.એઆઈસીસીના પ્રવક્તા રાવે ગૌરક્ષા કે સંસ્કૃતિના નામે બજરંગ દળ પર ખંડણી ઉઘરાવવાનો લોકો પર હુમલા કરવા અને બ્લેકમેઈલીંગ કરવાનો આરોપ છે.

અન્ય રાજ્યોમાં પણ ખંડણી ઉઘરાવાનો બજરંગદળ પર આરોપ મુકાયો છે.

# દલિત અત્યાચારના મામલે ચર્ચાની માંગણી કરતાં વિરોધપક્ષોને સરકારે અવગણ્યા

દેશના દલિતો પર વધી રહેલા અત્યાચારોના મુદ્દે વિરોધપક્ષો તરફથી ગરમાયે રાજકારણમાં લોકસભામાં ચર્ચાની માંગણી કરાઈ હતી.લોકસભાના સ્પીકરે કહ્યુ હતું કે મુદ્દા તરીકે ચર્ચા તો થઈ શકે પરંતુ વિરોધપક્ષ તે મુદ્દાને રાજકીય ઓપ આપી શકે છે તેથી વિકાસના મુદ્દે ધ્યાન આપવાની જરુર છે નહી કે આ બાબતે.આ મુદ્દાઓ પર સંસદના શુન્યકાળ દરમિયાન ચર્ચા થઈ ચુકી છે તેથી હવે આ બાબતે ચર્ચાનો અવકાશ નથી.જો કે સાંસદીય બાબતોના મંત્રીએ કહ્યુ હતું કે સરકાર ચર્ચા માટે ઈન્કાર નથી કરતી.

# મૃતઢોર ઉપાડવાનો કાયમી બહિષ્કાર કરવાનુ તેમજ સફાઇ કામ પણ બંધ કરવાની દલિતોની અત્યાચાર લડત સમિતિનું એલાન

ઉના અત્યાચારની અમાનવિય ઘટના બાદ રાજ્યના અનેક મહાનગરો અને જિલ્લાઓના સેકડો દલિતોએ મૃતઢોરને ઉપાડીને તેની ચિરફાડ કરીને નિકાલ કરવાના કામનો કાયમી બહિષ્કાર કરવાનું શરુ કર્યુ છે.

હવે તમામ નગરપાલિકાઓમાં સફાઈ કામ પણ બંધ કરવાની ચિમકી ઉના અત્યાચાર લડત સમિતિએ આપી છે.દલિત અને માનવ અધિકાર સંગઠનોના કર્મશીલોની સમિતિની મળનારી બેઠકમાં દલિત મહાસંમેલન યોજવાની જાહેરાત કરાશે.

જીગ્નેશ મેવાણી,સુબોધ પરમાર,કૌશિક પરમાર,સુરેશ આર્યા સહિતના અનેક કર્મશીલોની આ સમિતિએ ઉના દલિત દમનની ઘટનાનો ફેક ફાઈન્ડીંગ રીપોર્ટ જાહેર કર્યા બાદ પ્રેસ કોન્ફરન્સમાં ઉપરોકત જાહેરાત કરવામાં આવી હતી.સમિતિના કહેવા મુજબ રાજયના અનેક તાલુકાઓમાં ગામેગામથી મુખ્યમંત્રીનો આવેદનપત્રો આપીને સાંથણીની જમીનો દલિતો અને ભુમી વિહોણા ગરીબોને આપવા માંગણી કરી હતી.સરકારે વર્ષ ૨૦૦૭થી લેન્ડ કચેરી નીમી ખેત જમીન ટોચ મર્યાદા હેઠળ જપ્ત કરેલી સાંથણીની જમીનો ફાળવવાનું બંધ કર્યુ છે.સરકાર, અદાણી,અંબાણી અને એસ્સારને જમીન આપી શકતી હોય તો બંધારણીય અધિકાર મુજબ એસસી,એસટી અને ઓબીસીને કેમ નહીં. વર્તમાન ભાજપ સરકાર દલિત વિરોધી છે. આથી આવી અનેક માંગણીી સાથે નગરપાલિકાઓમાં સફાઈ કામ માટે ચાલી રહેલા આઉટસોર્સીંગ અને હંગામી સિસ્ટમને નામે આર્થિક શોષણનો વિરોધ કરવા, આવા કર્મચારીઓને કાયમી કરી છઠ્ઠા પગારપંચ હેઠળ આવરી લેવાની માંગણી સાથે ૩૧મી જુલાઈએ અમદાવા કલેકટર કચેરી પાસે મહાસંમેલન યોજીને સરકારને આવેદનપત્ર આપવામાં આવશે.

# ગૌમાંસની શંકાને કારણે મધ્યપ્રદેશમાં ગૌરક્ષકો દ્વારા બે મુસ્લીમ મહિલાઓ પર હુમલો

ગૌરક્ષાના નામે દેશમાં વધુ એક હુમલાની ઘટના બની છે. મધ્યપ્રદેશના મંદસૌરમાં કેટલાક ગૌરક્ષકોએ બે મુસ્લીમ મહિલાઓની જાહેરમાં પીટાઈ કરતાં વિવાદનો મધપુડો ફરીથી છંછેડાઈ ગયો છે.અને તેનો પડઘો સંસદ સુધી પડ્યો છે.

મંદસૌર રેલવે સ્ટેશને આ ઘટના બની હતી.તપાસ થયા બાદ એવું બહાર આવ્યુ હતું કે મુસ્લીમ પરિવારની મહિલાઓને જેના માટે માર મારવામાં આવ્યો હતો તે માંસ ગાયનું નહીં ભેંસનું હતું.કરુણતા એ હતી કે પોલીસની હાજરીમાં ગૌરક્ષકો આ મહિલાઓને માર માર્યો હતો.ભાજપ શાસિત અને બીજા કેટલાક રાજ્યોમાં આવી ઘટનાઓ બની રહી છે પરંતુ ભાજપની નેતાગીરી આ બાબત કંઈ બોલવા તૈયાર નથી.રાજકીય નેતાઓ અને પોલીસના સહકારથી ગૌરક્ષકો દ્વારા કરાતી જાહેરમાં કનડગત અને ખંડણી વસુલીના કિસ્સાઓ બહાર આવ્યા બાદ પણ તેમના પેટનું પાણી હાલતું નથી.ભાજપજો મહિલાઓનું સન્માન ના કરી શકતો હોય તો તે કન્યા બચાવની ઝુંબેશ કેવી રીતે ચલાવશે?




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

**સંપર્કઃ જહોન એમ. મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ. ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે. મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.